
વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ Vol. 19 No. 12

# ધર્મસ્થાનોનું પણ રાજકારણ !



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

**સત્યશોધક સભા**

# આમંત્રણ

## વિવિધ કાર્યક્રમ

'સત્યાન્વેષણ'ના આપ સૌ વાચકોને નીચે દર્શાવેલ ત્રિવિધ કાર્યક્રમમાં પધારવા હાર્દિક આમંત્રણ છે.

(૧) સત્યશોધક સભાના પૂર્વપ્રમુખ બાબુભાઈ દેસાઈને સ્મરણાંજલિ.

(૨) અંધશ્રદ્ધા વિરોધી કાયદાના એક શિલ્પી માધુભાઈ કાકડિયાનું સન્માન અને

(૩) ગુજરાત હાઈકોર્ટમાં અશ્વીન કારીઆ અને ગિરીશ સૂંઢીયાએ અંધશ્રદ્ધા વિરોધી કાયદાની રચના માટેની જાહેર હિતની અરજીને હાઈકોર્ટમાં રજૂ કરનાર એડવોકેટ હર્ષ રાવલ તરફથી કાયદાની આપવામાં આવનાર સમજ.

**:: વિગત ::**

તા. ૨૮–૧૨–૨૪, શનિવાર, સાંજે ૭.૦૦ કલાકે

**:: સ્થળ ::**

ભક્તિનગર, શ્યામ વાડી, કતારગામ–સીંગણપોર રોડ,
અશોકનગર સામેનો રોડ, કતારગામ, સુરત.

**૭–૧૨–૨૦૨૪**

**જાદવ વેકરિયા**
**સુષ્મા અય્યર**
મંત્રીઓ

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સૂર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડૉ. સુષ્મા અય્યર

મનસુખ નારિયા
જનક બાબરીયા

૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ | સળંગ અંક : ૩૯૭ | Vol. 19 No. 12


## ધર્મસ્થાનોનું પણ રાજકારણ !

–સૂર્યકાન્ત શાહ

સત્તાલોલુપ રાજકારણીઓ ધર્મનાં વિવિધ પાસાંનો બરાબર અભ્યાસ કરે છે. અભ્યાસનું તારણ એવું આવે કે, ચોક્કસ પાસાં પર રાજકારણ ચલાવવામાં આવે, તો એમની તરફેણમાં મતોનો ઢગલો થઈ જાય, તો એ પાસાને તેઓ ઉછાળે છે. આ પૂર્વેના અંકમાં આપણે જોયું કે પ્રસાદમાં અપાતા લાડુને પણ કેન્દ્રમાં રાખીને રાજકારણના ખેલ પાડી શકાય. હમણાં હમણાં ધર્મસ્થાનોનું એક નવું પાસુ ઉમેરાયું છે. કેટલાક દેશોમાં રેશનાલિઝમનો પ્રભાવ એટલો વધ્યો છે કે ધર્મસ્થાનોનાં વેચાણ થવા માંડયા છે ! આપણા દેશમાં ધર્મનો નશો અને એ નશાને પામવા માટેના ધર્મસ્થાનોનો પ્રભાવ એટલો બધો વધી ગયો છે કે ધર્મસ્થાનોને નામે રાજકારણ ખેલી સત્તા પ્રાપ્ત થઈ શકે છે. ધર્મસ્થાનોને રાજકારણનું પ્યાદુ બનાવવું હોય તો પહેલા એ શરત પાળવી પડે કે બહુમતી પાળતા ધાર્મિકો સત્તાધારીઓના ટેકાથી લઘુમતીઓના ચોક્કસ ધર્મો અને તેના અનુયાયીઓ પરત્વે ધિક્કારની લાગણી પેદા કરવી તેમ જ પ્રસરાવવી. આ ધિક્કારની લાગણી પેદા થાય પછી એક યા બીજા ધર્મસ્થાનને લક્ષ્ય બનાવવાનું. ભૂતકાળની ખરી–ખોટી હકીકત કયાં તો શોધવાની અથવા તો પોતાના ઉલ્લુને સીધુ કરી શકાય તેવી તૈયાર કરવાની.


**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતિ કે જાતિની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. –સંપાદક મંડળ**

આ બન્ને કામ થઈ જાય પછી બધું કાયદેસર અને ન્યાયિક થાય છે તે દેખાડવા અદાલતોનો આશરો લેવાનો. સુપ્રીમ કોર્ટનો એક ચુકાદો એવો છે કે ઈ.સ. ૧૯૯૧ના કાયદા પ્રમાણે ઈ. સ. ૧૯૪૭માં ધર્મસ્થાનોની જે પરિસ્થિતિ છે તે ભલે જાળવી રાખવાની હોય, પરંતુ સેંકડો વર્ષ પહેલાં એ ધર્મસ્થાન કયા ધર્મવાળાનું હતું તેની તપાસ થઈ શકે. આ ચુકાદાનો અર્થ એવો થયો કે જેનું અત્યારે જે ધર્મસ્થાન છે તે ભૂતકાળમાં બીજા ધર્મવાળાનું હતું એવું જાણવાનું ખરું, પણ તેની પ્રવર્તમાન પરિસ્થિતિ બદલવાની નહીં ! મતલબ કે પોતાનું હતું તે જાણવાનું પણ પ્રાપ્ત નહીં કરવાનું ! બાબરી મસ્જિદના ધ્વંસથી એ તો પુરવાર થઈ જ ગયું છે કે ખરુ–ખોટું ઐતિહાસિક તથ્ય હોવાનું જણાવી બહુમતી કોમ એવા ધર્મસ્થાનને તોડી નાંખી ત્યાં પોતાનું ભવ્ય ધર્મસ્થાન બનાવે છે ! સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી એક નવું જ રાજકારણ ખેલવાનું શરૂ થયું છે. ચોક્કસ ધર્મસ્થાન ભૂતકાળમાં કયા ધર્મવાળાનું હતું તેની તપાસ કરવી. એકવાર પણ જો એ અન્ય ધર્મવાળાનું હતું એ નકકી થાય પછી તો ધર્મનો નશો એના અનુયાયીઓને ‘ગાંડા’ બનાવી શકે છે. જો તે ધર્મસ્થાન એમને કાયદાથી નહીં મળે તો બાબરીની જેમ મેળવી શકે છે. આ બધું થાય એટલે બહુમતીને ટેકો આપવા માટે ચોક્કસ રાજકીય પક્ષ તૈયાર થઈને બેઠો જ હોય. જો એ સત્તા પર હોય તો એવા ધર્મસ્થાનની બાબરી જેવી દશા કરવા માટે બધી જ છૂટ આપે. એ દરમિયાન ચૂંટણી આવે તો ધર્મસ્થાનના આ સળગાવેલા મુદ્દા પર ઢગલો મત મેળવીને પુનઃ સત્તા પર આવી શકાય. ટૂંકમાં, લોકોને શાંત અને સ્વસ્થ રહેવા દેવાના જ નહીં. તેઓ શાંત–સ્વસ્થ હોય તો જ તેઓ રેશનાલિઝમ તરફ આગળ વધે એની સંભવિતતા વધે. એ શકય બનવા દેવાનું જ નહીં. ધર્મસ્થાનોનું રાજકારણ એવું ઘુમરાવવાનું કે લોકો ચક્કર ખાઈને બેહોશ થઈ જાય, અને બેહોશીમાં જ એમની તરફદારી કરતા પક્ષને મત આપી દે. આમ આપણી આજુબાજુ લોકશાહી ભાવનાનું રોજેરોજ ખૂન થતુ રહે છે.

---

**‘સત્યાન્વેષણ’નું વાર્ષિક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# લોકશાહી અને રેશનાલિઝમ

**–તંત્રીલેખ**

એ વૈશ્વિક કરૂણતા છે કે ગણનાપાત્ર દેશોમાં બહુમતી માપદંડે અને સામાજિક સ્તરના આધારે બહુમતી–લઘુમતી ધર્મના આધારે નક્કી થાય છે. વાસ્તવમાં આર્થિક માપદંડે અને સામાજિક સ્તરના આધારે બહુમતી–લઘુમતી નક્કી થવી જોઈએ. ગરીબો અને ધનિકો તેમજ સમાજમાંના  શોષકો અને શોષિતો કેટલા છે તે નક્કી થવું જોઈએ. ધર્મના આધાર ભય અને લાલચ છે. નર્કનો ભય અને સ્વર્ગની લાલચના આધારે ધર્મઅનુયાયીઓને એક રાખે છે. અવાસ્તવિક એવા કોઈક અપાર્થિવ તત્ત્વ અથવા નિર્દય, સમાજવિરોધી અને અવાસ્તવિક કર્મના સિદ્ધાંત  થકી અનુયાયીઓના માથે ગાજર લટકાવી દે છે. કરુણતા એ છે કે જેઓ ધર્મને કારણે ગરીબ છે અને શોષિત છે તેઓ પણ આવા ધર્મ–અપાર્થિવ તત્ત્વ કે કર્મના સિદ્ધાંતને જળોની જેમ વળગી રહે છે. જેઓ સત્તાલોલુપ છે તેઓને કોઈ આદર્શ કે સમાજના આરોગ્યની ચિંતા હોતી નથી. એમનું ગણિત બહુ સાદુ છે. જે પાણીએ દાળ ગળતી હોય તે પાણી વાપરવામાં તેઓ માને છે. સત્તાલોલુપો આથી ધર્મના પાયે જે બહુમતી છે તેને લોકશાહીમાં ધર્મના નામે મત આપવા જણાવે છે. તેઓ એમને મત આપે તે માટે ધર્માધારિત ધતિંગો કરે છે. ભગતો જ્યારે  જ્યારે ધર્માધારિત વિચારણા કરતા હોય છે ત્યારે ત્યારે તેઓ વિવેકને તિલાંજલી આપે છે. ઉમેદવાર પ્રામાણિક, નિષ્ઠાવાન અને લોકોની સમસ્યા પરત્વે કેટલો સંવેદનશીલ છે તે વિવેકપૂર્વક વિચારવાનું હોય. ધર્માધારિત બહુમતી લોકો તે પ્રમાણે વિચારતા નથી. આ મુદ્દા પર ધર્માધારિત લઘુમતી લોકો પણ પાછળ રહેતા નથી. તેઓ પણ પોતાના ધર્મને કેન્દ્રમાં રાખીને જ મતદાન કરતા હોય છે. ચૂંટણી જાણે અહિંસક ધર્મયુદ્ધ બની જાય છે !

સમજી શકાય એવું છે કે સત્તાલોલુપો જે ધર્માધારિત બહુમતી લોકોને માત્ર ધર્મના નામે પોતાની તરફમાં ખેંચી શકે તો તેઓ જ સત્તા પર આવે. એમને તો ખબર છે જ કે બહુમતી લોકોનો ધર્મ જ એમનો તરણોપાય છે. આથી તેઓ સત્તા પર આવ્યા પછી એ જ ધર્મને અનુકૂળ વાતાવરણ કરવા શકય તે બધા પ્રયત્નો કરી છૂટે છે. આ કરવા માટે ઘણીવાર તેઓ લઘુમતીના કોઈ ચોક્કસ ધર્મ પરત્વે ધિક્કાર ફેલાવવાનું શરૂ કરે છે. પોતાના ધર્મની શ્રેષ્ઠતા અને અન્ય ધર્મોની નીચતાના તદ્દન સમાજવિરોધી સમીકરણોથી શાસન ચાલે છે.

જો ચૂંટણીમાં ધર્મ જ મુખ્ય વૈચારિક મુદ્દો હોય તો તેમાં રેશનાલિઝમનું તો કોઈ સ્થાન હોય જ નહીં તે સમજવું સરળ છે. જે જે દેશોમાં ધર્માધારિત રાજકારણની રમતો રમાય છે તે તે દેશોમાં રેશનાલિઝમ પછીતમાં આવી જાય છે. રેશનાલિસ્ટોએ બહુ સાવધાનીપૂર્વક વર્તવું પડે છે. એ તો સારું છે કે વિશ્વમાં રેશનાલિસ્ટોની સંખ્યા વધતી જાય છે તેથી એવા કેટલાક દેશો છે કે જ્યાં ધર્મને નામે સત્તા માંગી શકાતી નથી. એવા લોકશાહી દેશોની પ્રજા સાચા અર્થમાં સુખી અને આનંદી બની છે. અત્યારે તો આશાનું કિરણ એ છે કે ધર્મધારિત સૌથી વધારે ત્રીજા ક્રમમાં વિશ્વમાં નાસ્તિકો અને રેશનાલિસ્ટો છે. પહેલા ક્રમે ખ્રિસ્તી અને બીજા ક્રમે ઈસ્લામ છે. ૨૦૨૩ નો આંકડો એમ જણાવે છે કે વિશ્વમાં ૧.૨ અબજ નાસ્તિકો–રેશનાલિસ્ટો છે ! ભારતના આપણા જેવા રેશનાલિસ્ટો માટે આ મોટું આશ્વાસન છે. પ્રવર્તમાન લોકશાહીના નામે ભારતમાં ભલે અવૈજ્ઞાનિક અને સમાજવિરોધી એવા ધર્મોનો પ્રભાવ હોય, પરંતુ વિશ્વના આ પ્રવાહોથી ભારત અછૂત રહી શકવાનું જ નથી. આપણે રેશનાલિસ્ટો ભલે અલ્પસંખ્યક હોઈએ આપણે જ ભારતમાં રેશનાલિસ્ટોની સંખ્યા વધારતા રહેવાનું છે.

---

## અપીલ

ગુજરાતી ભાષીઓ માટે રેશનાલિઝમ પર ચિંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસિક છે. માત્ર ગુજરાત–મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વિનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહિનાની પંદરમીએ નિયમિતપણે બહાર પડે છે. એનું વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અને આજીવન રૂા. ૨૦૦૦/– છે. તે મ.ઓ. થી કે સત્યશોધક સભાના બૅન્ક ઑફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.

* દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ–મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.

# તૈત્તિરિયોપનિષદચિંતન

**–પ્રવીણ ગઢવી**

આ ઉપનિષદ કૃષ્ણ યજુર્વેદિય તૈત્તિરિય શાખા અંતર્ગત તૈત્તિરિય આરણ્યકના અંગ રૂપે છે. તૈત્તિરિય આરણ્યકના દશ અધ્યાય પૈકી સાત, આઠ અને નવમા અધ્યાયને તૈત્તિરિય ઉપનિષદ કહેવાય છે. તેના શિક્ષાવલ્લી, બ્રહ્માનંદવલ્લી અને ભૃગુવલ્લી એમ ત્રણ ભાગમાં 31 શ્લોકો છે, પરંતુ રાજાજીએ શિક્ષાવલ્લીના અગિયારમા અનુવાદના ચૂંટેલા શ્લોકોનો જ અનુવાદ આપ્યો છે.

વેદાધ્યાન પૂર્ણ થયા પછી ગુરુ શિષ્યને કહે છે, 'સત્યમ્ વદ. સાચું બોલ. ધર્માચરણ કર (અર્થાત્ નૈતિક આચરણ કર), સંસારકર્મો કર, દૈનિક વેદાભ્યાસ કર (અર્થાત્ અભ્યાસ કર). તારો બ્રહ્મચર્યાશ્રમ પૂરો થયો છે. હવે તું પાછો તારે ઘેર જા. લગ્ન કર. તારો બ્રહ્મચર્યાશ્રમ પૂરો થયો છે. હવે તું પાછો તારા ઘેર જા. લગ્ન કર. સંતતિ કર. સત્ય અને ધર્મ (કર્તવ્ય)થી ચલિત ન થા. સમાજનું કલ્યાણ કર (વ્યવસાય કર). સિદ્ધિ મેળવ, પરંતુ તું જે ભણ્યો છે તેનું પુનરાવર્તન સતત કરતો રહેજે.' (શ્લોક 1-1)

આ ઉપનિષદ પ્રમાણમાં વ્યવહારુ છે. શિષ્યને જે કહેવાયું છે, તે યોગ્ય છે. તે નિઃશંક છે, 'પૂર્વજો અને દેવનું સ્મરણ કર (અર્થાત્ પૂર્વજને દેવ માન). માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ, આચાર્ય દેવો ભવ, અતિથિ દેવો ભવ. શુભ–અશુભ વચ્ચે વિવેક કરતો રહે. અશુભથી દૂર રહે, શુભ કર. ગુરુમાં જે શુભ હતું, તેનું અનુકરણ કર, અશુભનું નહિ. ગુરુ કરતાં પણ ઉત્તમ જે કોઈ મળે, તેને માન આપ.' (1-2)

આર્યો પાસે પુષ્કળ વ્રીહિ હતી, તેથી અતિથી દેવો ભવની ભાવના આવી છે.

'શ્રદ્ધાપૂર્વક દાન કર, પરાણે નહિ પણ આનંદથી, નમ્રતાથી, ભયથી, પરોપકારભાવથી કર.' (1-3)

ઋષિએ અહીં કોને દાન આપવું તે સ્પષ્ટ કર્યું નથી. તે સારુ છે. એટલે કે દરિદ્રોને દાન કરી શકાય. અન્યથા શાસ્ત્રોમાં તો બ્રાહ્મણને દાન અને માન આપ એમ સતત કહેવાયું છે.

'જો તારા મનમાં કશા માટે શંકા, અવઢવ થાય તો પડોશમાં રહેતા પવિત્ર વડીલોનું ઉદાહરણ લેજે.' (1-11)

આ પણ સારી, સાચી સલાહ છે.

આ ઉપનિષદની ત્રીજી વલ્લી ભૃગુવલ્લીમાં વરુણે તેના પુત્ર ભૃગુને બ્રહ્મની

પદાર્થ અને ચેતનામાં વ્યાપકતા સમજાવી છે. 'ખાઈએ છીએ તે અન્ન, શ્વસીએ છીએ તે પ્રાણવાયુ આ સર્વ પવિત્ર અને ઈશ્વરનાં – બ્રહ્મનાં સ્વરૂપ છે.'

'અન્ન બ્રહ્મ છે. કેમ કે અન્નમાંથી સર્વે જન્મે છે, જીવે છે. (અન્નમાંથી વીર્ય બને છે અને શુક્રાણુ–સ્ત્રીબીજથી બાળક જન્મે છે) મૃત્યુ પછી સર્વ જીવો અન્યનો આહાર બને છે.' (3-2)

અન્નનો મહિમા તાર્કિક, રેશનલ છે. પ્રશંસનીય છે. મૃત્યુ પછી પણ આપણો દેહ અન્યનું અન્ન બને છે. જેમ કે નદી, તળાવ, સાગરમાં શબ તરતું મૂકીએ તો તે માછલીનો ખોરાક બને. જમીનમાં દાટીએ તો સૂક્ષ્મ જીવો, અળસિયાં વગેરેનો ખોરાક બને, પરંતુ આર્યોએ તો અગ્નિસંસ્કાર સ્વીકાર્યો એટલે વૃક્ષોનો ખો નીકળ્યો અને છેલ્લે રાખ રહી !

'અન્ન વિષે ખરાબ ન બોલવું. અન્નનો બગાડ ન કરવો. અન્ન પુષ્કળ ઉગાડવું. ભૂખ્યાને આંગણેથી ભૂખ્યો ન જવા દેવો. અન્ન આપવું.' (3-7-10)

મને તો બધાં ઉપનિષદોમાં આ ઉપનિષદ શ્રેષ્ઠ અને વ્યવહારુ લાગ્યું. બની શકે કે કોઈ ચાર્વાકીય ઋષિએ આ શ્લોકો રચ્યા હોય. આજે આપણા માટે અન્ન, પાણી અને ઊર્જાની મોટી સમસ્યા છે. વસ્તી વધતી જાય છે. ખેડૂતો અનાજના પોષણક્ષમ ભાવો ન મળતાં રોકડિયા પાક–એરંડા, કપાસ તરફ વળ્યા છે. એ જ રીતે પીવાના પાણીની પણ વિરાટ સમસ્યા છે.  કોલસો, ખનીજ તેલ પણ સીમિત છે. મોટાભાગની વીજળી કોલસા અને તેલથી ઉત્પન્ન થાય છે. વૈજ્ઞાનિકો નવી ઊર્જા, અણુશકિત કે હાઈડ્રોજન ઊર્જા શોધવા રાતદિવસ મથી રહ્યા છે. ત્યારે આપણા શંકરાચાર્યો, સાધુ બાવા વેદાંતના ભાષણો ઠોકી રહ્યા છે. એમને અન્ન, જળ, ઊર્જાની કમીની જરાય ચિંતા નથી !

---

## સત્યશોધક સભાને દાન

શ્રી ચંપકલાલ પટેલે એક નવી પ્રાણલિકા શરૂ કરી. ઘણા લોકો 'જીવતા જગતિયુ' ઉજવીને અવૈજ્ઞાનિક એવી શ્રાદ્ધ વિધિનો વિકલ્પ આપવા માંડયા છે. ચંપકલાલે તેમાં અંધશ્રદ્ધા અને વહેમ વિરુદ્ધની વાતો પણ એમની ભરચક ભરાયેલા હોલમાં બેઠેલા સગાં–મિત્રોને પણ પહોંચે તેથી સત્યશોધક સભાને 'ચમત્કાર નિદર્શન' કાર્યક્રમ યોજવા આમંત્રણ આપેલું. એ કાર્યક્રમમાં ચંપકલાલે સત્યશોધક સભાને રૂા. ૧૧,૦૦૦/–નું દાન પણ આપ્યું, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

૨–૧૨–૨૪

સૂર્યકાન્ત શાહ
પ્રમુખ

**કલ્ચરલ એજ્યુકેશન ફોરમ, અમદાવાદ પ્રકાશિત,**

## 'ચાર્લ્સ ડાર્વિન  અને ઉત્ક્રાંતિનો સિદ્ધાંત'

**પુસ્તિકામાંથી સાભાર**

– આમ ઓગણીસમી સદીની શરૂઆતમાં ઉત્ક્રાંતિ વિશે કોઈ અલૌકિક શકિત કે ઈશ્વરની રચના વિરુદ્ધ કુદરતના નિયમો, સજીવોમાં સ્થિરતા વિરુદ્ધ ફેરફારો, કાળક્રમે થતા ફેરફારો વિરુદ્ધ કુદરતી હોનારતો જેવા વિરોધાભાસી વિચારોમાં વહેંચાયેલું હતું, પરંતુ સજીવોની ઉત્ક્રાંતિને લઈને બુદ્ધિજીવી વર્ગમાં ચર્ચા થવા લાગી હતી.

આવા સમયમાં જન્મેલા ડાર્વિનનો ઉછેર સ્વતંત્ર વિચારો ધરાવતા બુદ્ધિજીવી પરિવારમાં થયો.

–તે સમયના ઈંગ્લેન્ડ અને અન્ય યુરોપીય દેશો ઔદ્યોગિકીકરણને વધારવા કાચા માલની શોધમાં પૃથ્વીના જે તે પ્રદેશોમાં થાણા–સંસ્થાનો (colony) સ્થાપતા. ત્યાંના લોકોને ગુલામ બનાવી તેમની સાથે અમાનવીય વ્યવહાર કરતાં, અને આ વ્યવહારને યોગ્ય ઠેરવવા તે ધર્મનો સહારો લઈ તેઓ ચઢિયાતી પ્રજાતિ છે અને અન્ય ભૂખંડો પરની પ્રજાતિ ગુલામ બનવાને જ લાયક છે તેવો પ્રચાર ફેલાવતા.

આવી ઘોર અસમાનતા વચ્ચે સજીવો ઉત્ક્રાંતિ પામે છે અને તે કોઈ રચયિતાની રચના નથી, પરંતુ કુદરતના નિયમોથી કાળક્રમે આવ્યા છે તેવો વિચાર તેમના શોષણના કિલ્લાઓને હચમચાવી દે તેવો હતો.

– સફરેથી પાછા આવ્યા બાદ તરત જ ડાર્વિને ઉત્ક્રાંતિના સિદ્ધાંતની દિશામાં કામ શરૂ કરી દીધું બે વર્ષમાં તો તેમણે આ સિદ્ધાંત માટેના મૂળભૂત વિચારો નોંધી લીધા હતા. પરંતુ ડાર્વિને આ અરસામાં જ રજૂ થયેલા ઉત્ક્રાંતિ પરના લેખ કે જેનું વૈજ્ઞાનિક સારતત્ત્વ નબળું હોવા છતાં, તેની સામે ઈંગ્લેન્ડના અગ્રવર્ગમાં ઉઠેલા આક્રોશને જોતાં, તેમના સિદ્ધાંતને ઉતાવળે પ્રગટ કરવાનું માંડી વાળ્યું. છેક ૧૮૫૮માં આલ્ફ્રેડ રસેલ વોલેસ નામના વૈજ્ઞાનિકના લેખમાં પણ તેમના જેવી જ વાત જોઈ તેમને હિંમત મળી અને ૧૮૫૯માં સજીવોની ઉત્ક્રાંતિનો સિદ્ધાંત રજૂ કર્યો.

*          *          *

જે જીવગોષ્ઠિનું નૈસર્ગિક વાતાવરણમાં, સ્વાભાવિક રીતે તેના સમૂહમાં સમાન લક્ષણો ધરાવતા જીવગોષ્ઠિના સભ્ય સાથે મિલન શકય બનતું હોય તો તે એક પ્રજાતિ કહેવાય.

– એક પ્રજાતિમાંથી બે કે તેથી વધુ પ્રજાતિ ઉતરી આવે છે. અલગ અલગ રીતે પ્રકૃતિ સાથે અનુકૂલનો સાધીને તેઓ અલગ પ્રજાતિ તરીકે ઊભરી આવે છે. જાણે કે એક ડાળીમાંથી બીજી અનેક ડાળીઓ ફૂટી નીકળતી હોય. ડાર્વિને આગળ વધતા અનેક ડાળીઓ ધરાવતા જીવનવૃક્ષ (Tree of Life) દ્વારા સજીવોની આ ઉત્ક્રાંતિને સમજાવી. અહીં તે વિજ્ઞાની લામાર્ક કરતાં જુદા પડે છે. લામાર્કના મત મુજબ બધા સજીવો સુરેખ, સીડીના પગથિયાની જેમ ઉત્ક્રાંતિ કરી રહ્યા છે, જ્યારે ડાર્વિને કહ્યું સજીવો જીવનવૃક્ષની શાખાઓ છે અને તેના મૂળમાં એવી ધારણા કે જીવન એક અજૈવ વસ્તુમાંથી આવ્યું હશે.

– જેમ કોપરનિકસે અને ગેલેલિયોએ પૃથ્વી એ બ્રહ્માંડનું કેન્દ્ર નથી એ શોધ દ્વારા મનુષ્યના બ્રહ્માંડના કેન્દ્રમાં હોવાના વિચારને ભાંગી નાંખ્યો, ડાર્વિને ઉત્ક્રાંતિના સિદ્ધાંત દ્વારા મનુષ્ય તેના રચયિતા દ્વારા બ્રહ્માંડમાં અન્ય જીવો પર સત્તા ભોગવવા માટે બનાવાયો છે તે ખ્યાલને સ્થાને મનુષ્ય તો ઉત્ક્રાંતિના વિશાળ ઘટાદાર વૃક્ષ કે જેની તમામ ડાળીઓ નીચેથી જોડાયેલી છે અને જે કુદરતી નિયમો દ્વારા વિકસી રહ્યું છે તેની એક નાની ડાળખી સમાન છે તે વૈજ્ઞાનિક સત્ય બતાવી આપ્યું. આજે થયેલા સંશોધનો બતાવે છે કે જીવનવૃક્ષની મનુષ્યના પહેલા પૂર્વજ હોમો સેપિયન્સની ડાળી ભૂસ્તરશાસ્ત્રના પૃથ્વીના કેલેન્ડરમાં હજુ ગઈકાલે જ (૨ લાખ વર્ષ પહેલા) ફૂટી નીકળી છે. તો પહેલ વહેલા બેકટેરિયા ઓછામાં ઓછા ૩૬૦ કરોડ વર્ષ પૂર્વે ઉદ્‌ભવ્યા છે.

*　　*　　*

ઈંગ્લેન્ડમાં ટપકાંવાળા પતંગિયા બે રંગમાં જોવા મળે છે. એક સફેદ અને બીજા કાળા રંગનાં. ડાર્વિનના સમયમાં એટલે કે ઓગણીસમી સદીના સમયમાં સફેદ રંગના ફૂદાં વધુ પ્રમાણમાં જેવા મળતાં કેમ કે તે સમયે વૃક્ષોની છાલ પરની ફૂગ જેના પર તેઓ બેસતા તેનો રંગ પણ ઉજળો હતો. આમ બંનેનો રંગ સરખો હોવાથી તે ફૂદાં તેમના શિકારી પક્ષીઓ–પ્રાણીઓથી સહેલાયથી પકડી શકાતાં નહોતાં અને સહેલાયથી તેમની સંખ્યા વધતી હતી જ્યારે કાળા રંગના ફૂદાં સહેલાયથી પકડાઈ જતાં હોવાથી તે ઓછા જોવા મળતા. જેમ ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિકીકરણ વધ્યું તેમ વૃક્ષની છાલ પરની ફૂગ હવે પ્રદૂષણને કારણે કાળી પડવા લાગી. આ બદલાયેલી સ્થિતિમાં ફૂગ પર બેસતાં સફેદ ફૂદા તેમના શિકારીઓ દ્વારા સહેલાયથી પકડાઈ જતાં. જેથી સફેદ ફૂદાની સંખ્યા ઘટવા

લાગી. જ્યારે કાળાં ફૂંદાં વધવા લાગ્યા. કાળાં ફૂદાંની વધવાની પ્રક્રિયા જ કુદરતી પસંદગી છે. તો ૧૯૫૨માં પ્રદૂષણ ડામવાના કડક પગલાંઓને લીધે વૃક્ષો પર ફરી સફેદ ફૂગ દેખાવા લાગી અને પરિણામે સફેદ ફૂદાં પણ વધવા લાગ્યા.

ડાર્વિને કહ્યું, માણસ આજે જોવા મળતા પૂંછડી વિનાના વાનરમાંથી નથી આવ્યો, તે એપ જ છે – એટલે કે સર્વસામાન્ય પૂર્વ જ Primate માંથી ઉતરેલા અનેક એપમાંનો એક એપ–મનુષ્ય છે.

મનુષ્યના એપ–કુટુંબ (Ape Family) માંથી આદિમાનવ અથવા નરવાનરની ધારામાં જે પ્રજાતિ જીવી તે છે હોમો સેપિયન્સ (Homo Sapiens) તેની આધુનિક છબી એટલે આજનો મનુષ્ય.

* * *

આજના મનુષ્યના સીધા પૂર્વજ આજથી લગભગ ૩૦ થી ૨૦ લાખ વર્ષ પૂર્વે જોવા મળતા હતા. તેઓ હોમો હેબિલિસ (Homo Habilis) નામે ઓળખાય છે.

પૂર્વપરિકલ્પિત ક્રિયા કરવી એ માત્ર જૈવિક આચરણ નથી. તે હતું કામકાજ–ક્રિયા અને જે દૈહિક–માનસિક ક્રિયા તેમાંથી આવી તે છે શ્રમ. શ્રમ એ મનુષ્યનો પ્રકૃતિમાં સચેતન હસ્તક્ષેપ છે. આ આદિમ મનુષ્યમાં હાથના કુશળતાપૂર્વક ઉપયોગ અને બોલી (Speech) એ તેમની બુદ્ધિમાં વધારો કર્યો. આમ, કાર્યદક્ષતા અને બુદ્ધિ એકસાથે વધવા લાગી.

* * *

આમ ઉત્ક્રાંતિની આવી લાંબી પ્રક્રિયામાંથી આજનો મનુષ્ય આવ્યો છે. મનુષ્યએ પૃથ્વી પરના તમામ પ્રાકૃતિક ફેરફારોમાં ટકી રહેવા માટે અનુકૂલનો સાધ્યા છે. અન્ય પ્રાણીઓ કુદરતી પસંદગીના નિયમને આધિન ઉત્ક્રાંતિ પામી રહ્યા છે. પરંતુ આ કુદરતી પસંદગીની પ્રક્રિયા તો ખૂબ ધીમી છે. મનુષ્યએ પોતાને કુદરતી પસંદગીની આ ગુલામીમાંથી ધીમે ધીમે નવા નવા નવા ઉપકરણોના આવિષ્કાર દ્વારા મુકત કર્યો છે અને તેને અનુકૂલનની પ્રક્રિયાને ખૂબ ઝડપી બનાવી દીધી છે. શરીરની આંતરિક રચનામાં ફેરફાર લાખો વર્ષ લઈ લે છે પરંતુ શરીરના બાહ્ય પરિવેશમાં તેણે ફેરફાર જલ્દી કરી લીધા છે. માણસ, એક સામાજિક જીવ, સાંસ્કૃતિક રીતે સ્વતંત્ર મનુષ્યની આ સાંસ્કૃતિક ઉત્ક્રાંતિમાં તેનું દરેક આગળનું ડગલું, તેને મુકિત તરફ એક ડગલું આગળ લઈ જશે.

મનુષ્ય તેના આદિમાનવ જેવા તબક્કામાંથી ખુબ ઝડપભેર, આશરે ૫૦ હજાર વર્ષમાં આજના સભ્ય મનુષ્ય તથા કુદરતના અનેક નિયમોને સમજીને તેના પર નિયંત્રણ

લાવવાના તબક્કામાં પહોંચ્યો છે. આજે તે રોજે રોજ નવા આવિષ્કાર કરી રહ્યો છે, પરંતુ જે ડાર્વિને પણ જોયું તે એ કે મનુષ્ય સમાજનો એક હિસ્સો આ આવિષ્કારોનો ખૂબ સારી રીતે ઉપભોગ કરી રહ્યો છે, જ્યારે એક હિસ્સો શોષણમૂલક સમાજ વ્યવસ્થાને લીધે તેનાથી વંચિત છે. તો આજે દોઢસો વર્ષ પછી પણ તે પરિસ્થિતિમાં કોઈ ફેર પડયો નથી. ગુલામી પ્રથાને તો ત્યારના ઔદ્યોગિક રીતે સમૃદ્ધ દેશોએ તે જ વખતે ડાર્વિનના પરિવાર અને એવા અનેક લોકોના વિરોધને પગલે નાબૂદ કરી દેવી પડી હતી, પરંતુ આજે પણ તે દુનિયાભરમાં શ્રમિકોના શોષણરૂપે મોજૂદ છે. શોષણવિહીન મનુષ્ય સમાજનું સ્વપ્ન સાકાર કરવા માંગતા તમામ માટે ડાર્વિનનો આ યુગાન્તકારી સિદ્ધાંત વૈજ્ઞાનિક ચિંતનમાં એક મહત્વનું પ્રકરણ બની રહેશે.

* * *

## ચિંતનકણિકા

**–મોહન પટેલ**

* જે તે રૂઢિગત વિચારો હાનિકારક છે. જીવનમાં પરિવર્તન જરૂરી છે. ઉત્તમ વિચાર પ્રગતિ લાવે. –મોહન પટેલ

* જીવનમાં કાલ્પનિક ભયથી બ્લડ પ્રેસરના રોગી બનો છો, જ્યારે તમારા દુઃખની સરખામણી અન્ય સાથે કરો તો અને દુઃખથી ડાયાબિટીસના દર્દી બની શકો છો. –ડોકટરોનો મત

* જેઓ પોતાના સંપ્રદાયના ગુલામ બને છે – તેઓ સાચા જ્ઞાનથી વંચિત રહે છે. એટલું જ નહીં પરંતુ નવું શીખી પણ શકતા નથી. –ગલેન ગ્લોડીયસ

* તમે નિષ્ફળતાથી ડરતા હો તો પછી સફળતાની તકો ઓછી થઈ જાય છે. –ચાર્લ્સ બાર્કલેન્ડ

* ટીકાકાર એ છે કે, પોતે રસ્તો જાણે છે – પરંતુ કાર હાંકી શકતો નથી. –કેનેથ ટાયર્ન

* ભૂલ એનાથી જ થાય, જે કંઈક સારું કરવા ઈચ્છે છે. બાકી કંઈ નહીં કરવાવાળા તો ભૂલો જ શોધ્યા કરે છે. –ડો. ભીમરાવ આંબેડકર (ભારત રત્ન)

* કોઈપણ રાષ્ટ્રને ઓળખવું હોય તો તેનાં નૃત્યને જો જો, ગીતો સાંભળજો અને સાહિત્ય વાંચજો–પરંતુ રાજકારણી તરફ તો નજર સરખી ન કરશો. –સુભાષિત

# આઈનસ્ટાઈન વિશે હોકીંગ

અવકાશ, સમય, ઊર્જા અને પદાર્થ વિશેની આપણી સમજણમાં સો વર્ષ પૂર્વે ક્રાંતિકારી ફેરફારો કર્યા. એને રચેલા સિદ્ધાંતો અને એની આગાહીઓ અંગે આજે જ્યારે ખરેખરા પુરાવા ભેગા કરવામાં આવે છે ત્યારે ખૂબ આશ્ચર્યકારક રીતે એ બધા સાચા પડે છે. હું જ્યારે જ્યારે મૌલિકતાનો વિચાર કરું છું ત્યારે ત્યારે આઈનસ્ટાઈન જ યાદ આવે છે. એમને આટલા બધા મૌલિક વિચારો ક્યાંથી આવ્યા ? એમની વિચારવાની ઊંચી ગુણવત્તા, કદાચ આંતરસૂઝ, અસલિયત અને ઊંચી બૌદ્ધિકતાના સમુચ્ચયમાંથી એ વિચારો આવ્યા. આઈનસ્ટાઈન સપાટીની બહાર જોવાની શક્તિ ધરાવતા હતા કે જેથી તેઓ સપાટીની અંદરના રહસ્યો સમજી શકે ! આપણી જે વ્યવહારુ બુદ્ધિ છે કે જે ચાલે છે તે બધું બરાબર છે. તેનાથી એ મુકત હતા. અન્યોને જે અમૂર્ત લાગે તે વિચારોની પાછળ પડી જવાની એમની હિંમત દાદા માંગી લે એવી હતી. આ હિંમતે જ એમને હંમેશ માટે મહાન વૈજ્ઞાનિક બનાવ્યા.

આઈનસ્ટાઈન પાસે ચાવીરૂપ કોઈ તત્ત્વ હતું તો તે એમની કલ્પનાશકિત હતું. એ તો વૈચારિક પ્રયોગો કરતા. એમણે બહુ જ ઓછો સમય પ્રયોગશાળામાં કે અગાશીમાં દૂરબીન સાથે ગાળ્યો છે ! એમના વૈચારિક પ્રયોગોએ જ એમણે સચરાચર અંગેની આપણી સમજમાં આમૂલ પરિવર્તન આણ્યું. સોળ વર્ષે એમને એક કલ્પના થઈ કે ‘તેઓ પ્રકાશના કિરણ પર બેસીને અવકાશમાં ઘુમે છે.’ આ કલ્પનાને એમણે પકડી રાખી. એમાંથી એમણે શોધ્યું કે પ્રકાશનું કીરણ એક ઠરી ગયેલ મોજા જેવું દેખાય છે. આ શોધે એને એમણે માનવજાતને વિશિષ્ટ સાપેક્ષવાદનો સિદ્ધાંત અર્પવા સક્ષમ બનાવ્યા.

* * *

પોતાની બધી આંતરશકિતનો ઉપયોગ થાય તે માટે માણસના મગજને સતત તપાસ અને અદ્‌ભૂતના રહસ્ય પામવાની તાલાવેલીના તણખાની જરૂર છે. હોકીંગ આગળ વધીને જણાવે છે કે આવા તણખા મહદ્અંશે આપણને આપણા શિક્ષકો તરફથી મળે છે ! પોતાના જીવનની વાત કરતા તેઓ જણાવે છે કે પોતે એક સામાન્ય વિદ્યાર્થી હતા. એમના શિક્ષકો ડીક્ન ચાહતા, એમને વારંવાર જણાવ્યું કે તે ગણિતમાં ચોક્કસ તેજસ્વી પુરવાર થશે, જો એ તે જાણવા–સમજવાનો પ્રયત્નો કરે તો. આખરે હોકીંગે તે કર્યું અને વિશ્વને મહાન વૈજ્ઞાનિક હોકીંગ મળ્યા !

# ધર્મગ્રંથોમાં વિજ્ઞાનની પોકળતા

–એન. વી. ચાવડા

**(હવે આપણી વચ્ચે એન. વી. ચાવડા નથી. તેઓશ્રી શબ્દદેહે આપણી વચ્ચે જીવિત છે. એ શબ્દદેહના ભાગસ્વરૂપ એમણે સત્યશોધક સભાને કેટલાક લેખ મોકલ્યા હતા. એમની યાદ તાજી રાખવા એ પૂરા થાય ત્યાં સુધી અત્રે પ્રગટ કરતા રહીશું. –સૂ.)**

તાજેતરમાં આપણા દેશના કેટલાક રાજનેતાઓને આપણા ધર્મગ્રંથોમાં વિજ્ઞાન હોવાની જાહેરાત કરવાનો ૧૦૬ ડીગ્રીનો તાવ ચઢયો છે. આ તાવ ઘણો જૂનો સંભવતઃ આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીજીના વખતનો છે. એમને થયેલો તાવ આજે આપણા ઘણાં લોકોના દિમાગનો તાવ પુરવાર થયો છે. બિમારી અસાધ્ય જેવી છે.

ધર્મગ્રંથોમાં વિજ્ઞાન હોવાનો દાવો કેવો પોકળ છે એનો પ્રબળ પુરાવો આજથી લગભગ વીસ–પચ્ચીસ વર્ષ પહેલાં આપણને સ્પષ્ટ રીતે મળી ચૂકયો છે. તે એ છે કે વિજ્ઞાને ટેસ્ટ ટયુબ બેબીની શોધ કરી ત્યારે આપણા ધર્મધુરંધરોએ તરત જ જાહેર કરી દીધું હતું કે મહાભારતના કૌરવો ટેસ્ટ ટયુબ બેબી હતા, ત્યારબાદ થોડાંક વરસ પછી વિજ્ઞાને ‘કલોનીંગ’ની શોધ કરી એટલે તરત જ આગલી વાત ભૂલી જઈને એવા જ ધર્મધુરંધરોએ વિચાર્યા વિના બીજી જાહેરાત કરી દીધી કે કૌરવો ‘કલોનીંગ’થી જન્મ્યા હતા ! આમ પરસ્પર વિરોધી એવા બબ્બે દાવાઓ કરીને ધર્મપ્રેમીઓએ ધર્મગ્રંથોમાં વિજ્ઞાન હોવાનો પોતાનો દાવો પોકળ અને બનાવટી તથા છેતરામણો હોવાનું પુરવાર કરી દીધું હતું.

સ્ટીફન હોકિંગ નામના મહાન વૈજ્ઞાનિકે જ્યારે ‘બ્લેક હોલ’ની શોધ કરી ત્યારે દરેક ધર્મના અનુયાયીઓએ ગોકીરો મચાવી મૂકેલો કે ‘બ્લેકહોલ તો અમારા ધર્મગ્રંથમાં હજારો વર્ષ પહેલાં લખાયેલો પડયો છે, પરંતુ આવો દાવો કરનારા લોકો પાસે એ પ્રશ્નનો ઉત્તર નથી કે તો પછી તમે આજ સુધી બ્લેક હોલ વિષે મૌન કેમ હતાં ? વિજ્ઞાને શોધ કર્યા પછી જ તમે કેમ બોલ્યાં ?

ધર્મગ્રંથોમાં વિજ્ઞાન હોવાનો દાવો ખોટો હોવાનું બીજું પ્રબળ પ્રમાણ એ છે કે એવો દાવો હમેશાં વિજ્ઞાન દ્વારા એ શોધ થયા પછી જ કરવામાં આવે છે. સ્પષ્ટ છે કે આવા દાવેદારો ધર્મગ્રંથોનું ખોટું અને મનગમતું અર્થઘટન કરે છે, અથવા કરી શકે છે.

## વૈજ્ઞાનિક સંશોધનોનું સરપ્રાઈઝ !

હોકિંગ કહે છે કે આપણને ખરેખર ખબર નથી કે કયા ખૂણેથી કઈ વૈજ્ઞાનિક શોધ થશે. એ પણ ખબર નથી કે કોણ કરશે ? વૈજ્ઞાનિક સંશોધનોનું આ 'સરપ્રાઈઝ' વાસ્તવમાં તો જુવાનીયાઓ સુધી પહોંચવાની સીડી બની જાય છે કારણ કે એમને ખાતરી મળે છે કે પોતે જો સાચું વૈજ્ઞાનિક સંશોધન કરશે તો દુનિયા એને વધાવી લેશે. વૈજ્ઞાનિક સંશોધનોનું આ 'સરપ્રાઈઝ' જ આપણે સૌને કોઈક નવા આઈનસ્ટાઈન મળવાની આશા આપે છે.

## કેવું ભવ્ય અવસાન !

જો મરતા પહેલા હોકિંગને ખબર પડતે કે લંડનના વેસ્ટમીન્સ્ટર આબેમાં ન્યૂટન અને ડાર્વિનની કબરોની વચ્ચે એને ચિરનિદ્રામાં સુવાનું મળશે તો એના આનંદનો પાર નહીં રહેતે ! કદાચ એને એ ખબર હોત કે કોમ્પ્યુટરમાંથી પસાર થઈને આવતા એના અવાજના રેડિયો વેવ બનાવી તે એણે શોધેલો બ્લેક હોલ તરફ મોકલવામાં આવશે તો...તો એ મૃત્યુની આગળની ક્ષણે પણ અપંગને સાચવતી ખુરશીમાંથી ઊભો થઈને એ કદાચ નાચતે !

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

(૧) વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ રૂા. ૫૦ – ડૉ. બી. એ. પરીખ
(૨) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ – ડૉ. બી. એ. પરીખ
(૩) આપણો માંદો સમાજ રૂા. ૩૦ – સૂર્યકાન્ત શાહ
(૪) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તિ) રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ
(૫) ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ –ડૉ. બી. એ. પરીખ
(૬) જ્યોતિષ વિજ્ઞાન નહીં, મિથ્યા કલ્પના રૂ. ૩૦ –ડૉ. બી. એ. પરીખ
(૭) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/– –સૂર્યકાન્ત શાહ

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# પાલનપુરમાં બંધારણ શિબિર યોજાઈ

બંધારણ સ્વીકૃતિની ૭૫મી વર્ષગાંઠ પ્રસંગે બંધારણ શિબિર, લોકનિકેતન, રતનપુર(પાલનપુર) ખાતે તા. ૨૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાઈ હતી. સોસાયટી ફોર ફાસ્ટ જસ્ટીસ, અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ, તેમજ યુવા જાગૃતિ અભિયાનના સભ્યોએ પ્રારંભમાં બંધારણ આમુખનું શિબિરાર્થીઓ સાથે સમૂહ વાંચન કરેલ હતું. શિબિરાર્થીઓની સંખ્યા આશરે ૭૦ જેટલી થઈ હતી.

પ્રથમ બેઠકમાં ડંકેશ ઓઝાએ લોકશાહી સરકારના સફળ સંચાલન માટે લોકજાગૃતિ પર ખાસ ભાર મૂકતા જણાવેલ કે લોકો પોતાને યોગ્ય સરકાર જ મેળવે છે. પ્રો. ઈંદ્રાયને બંધારણ આમુખમાં ઉલ્લેખિત લોકતંત્રમાં સામાજિક ન્યાયનું મહત્ત્વ સમજાવેલ. અશ્વિન કારીઆએ ધર્મનિરપેક્ષતાનાં જગતમાં રાજ્યની ભૂમિકાની સમજ આપી હતી. મિલિન્દ વિશ્વાસે બંધારણનાં આગવા લક્ષણોની ચર્ચા કરી હતી. હર્ષ રાવલે (એડવોકેટ) બંધારણમાં ઉલ્લેખ ન હોવા છતાં કાયદા શાસનની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. પ્રિ. ગોસાઈએ અનુચ્છેદ ૧૪ હેઠળ સમાનતાનો ખ્યાલ, તેના અમલ અને ભંગના ઉદાહરણો સાથે સમજાવેલ.

જાણીતા વિચારક મનીષી જાનીએ લોકતંત્રમાં નાગરિકોએ ભજવવાની ભૂમિકા વિશે વાત કરી હતી. કેનેડાથી ટૂંક સમય માટે ભારત આવેલ જગદીશ બારોટે  વિશેષ હાજરી આપી યુવાનોને ધર્મના દેખાડાથી દૂર રહેવા અનુરોધ કર્યો હતો. સ્થાનિક અગ્રણી એડવોકેટ સામંતસિંહ સોલંકીના સૌજન્યથી દરેક વકતાનું શાલ પહેરાવી અને પુસ્તક અર્પણ કરી સ્વાગત કરેલ હતું.

છેલ્લી બેઠકમાં સુશ્રી ઝરણા પાઠકે (અવાજ) સામાજિક પરિવર્તન માટે વેઠવા પડતા સંઘર્ષની વાત કરી હતી. સુશ્રી તૃપ્તિ શેઠે પરિવર્તન માટે મહિલાઓ માટે સર્જાતી મુશ્કેલીઓ તેમ જ કેટલાક હકારાત્મક પાસાંઓનું વર્ણન કરેલ. જગદીશ પટેલે કારખાના, ખેતર, ખાણો, બંદર પર કામ કરતા કામદારો સંબંધિત કાયદાઓના અમલમાં આવતી મુશ્કેલીઓ તેમ જ આવા કાયદાઓમાં જરૂરી ફેરફારો માટે રજૂઆત કરી હતી.

કાર્યક્રમ સંચાલન હિદાયત પરમાર, વિક્રમ વજીર, વિપુલ રાવલ તેમ જ હરચંદ પરમારે સફળ રીતે કરેલ. ગિરીશ સુંઢિયાએ વકતાઓ, શિબિરાર્થીઓ તેમજ લોકનિકેતન સંસ્થાનો આભાર માનેલ. રાત્રિ રોકાણ, ચા–પાણી, ભોજન તેમ જ હોલની સુવિધા સંસ્થા નિયામક કિરણભાઈ ચાવડાના સૌજન્યથી પૂરી પાડવામાં આવેલ હતી. કાર્યક્રમની સફળતા માટે કિરણ ચાવડા, ગિરીશ સુંઢિયા, હિદાયત પરમાર, વિક્રમ વજીર, વસંત યાદવે સારી જહેમત ઉઠાવી હતી.

## પુરુષપ્રધાન સમાજનુ એક વરવુ ઉદાહરણ

(પ્રિવેન્ટિવ કેર) હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષથી કામ કરતા ફઝીલાબેન ઘોરી ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકે કામ કરે છે. તેઓ મુસ્લિમ સમાજના છે. તેઓના કોર્ટ દ્વારા છૂટાછેડા થયા, અને મુસ્લિમ સમાજમાં છૂટાછેડા બાદ ૩ મહિના ૧૫ દિવસ સુધી કોઈપણ પુરુષનો ચહેરો જોઈ શકાય નહી. તેમ જ ઘરની બહાર જઈ શકાય નહી. આ બેનને સમાજના નિયમો પાળવા પડે ત્યારે નોકરી પરના કામનું શું ? બેને જોબ છોડવી પડે, તેમની એક નાની દીકરી છે. આ બધું જોતા અપવાદ કરી આ બેનને ૩ મહિના ૧૫ દિવસ ઘરે રહેવાની મંજુરી આપવામાં આવી.

( ઝઘડિયાની ‘સેવા રૂરલ’ સંસ્થાના મુખપત્રમાંથી સાભાર. ઘર–કેદની સજા માત્ર સ્ત્રીને જ, પુરુષને નહીં ! કોર્ટમાં છૂટાછેડા અને ડેટા એન્ટ્રી ઓપરેટર મહિલા જેવી આધુનિકતાની સાથે રૂઢિગતતાનું કેવું કરૂણ કજોડુ ! )

### સત્યશોધક સભાને દાન

ગાંધીનગરના પ્રવીણ ગઢવી તરફથી સત્યશોધક સભાને રૂા. ૨,૫૦૦/–નું દાન મળ્યું છે. પ્રવિણભાઈ આ પ્રમાણે વારંવાર દાન કરે છે. એમના દાનનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

ઓલીવર વેન્ડેલી હોમ્સ એવી યાદી માંગે છે કે જેમાં સમાવિષ્ટ નામવાળા બધા લોકો વિચારતા હોય છે, પણ કોઈ બોલતું નથી. બીજી એક એવી યાદી આપો કે જેમા બધા બોલતા હોય, પણ કોઈ વિચારતું નહીં હોય ! ટૂંકમાં હોમ્સ એવું કહેવા માંગે છે કે દરેક જણ થોડું ઘણું વિચારે પણ છે અને બોલે પણ છે. એની માંગેલી યાદી મળે જ નહીં !

# ધર્મ એટલે અવેજ વિનાનો 'ધંધો' ?

એવું કહેવાય છે કે ધર્મ તો એક ધંધો છે. આમ કહેવામાં ધંધાનું અપમાન થાય છે. ધંધો તો અવેજની આપ–લેથી થાય છે. દુકાનમાં જાઓ. પહેલા લેવાની વસ્તુ પસંદ કરો. આ વસ્તુ અવેજથી ઓળખાય છે. પસંદ કરેલી વસ્તુની કિંમત તમે ચૂકવો એટલે એ વસ્તુ તમારી થાય. ટૂંકમાં ધંધાદારી ચીજ–સેવા આપે છે અને બદલામાં કિંમત વસુલે છે. ધર્મમાં આવું નથી. ધર્મસ્થાનોને નામે ચાલતી દુકાને તમારે જવાનું, શીશ નમાવવાનું, રકમ મૂકવાની કે ચૂકવવાની. બદલામાં આશીર્વાદ, નાના પડીકામાં પ્રસાદ, લોબાનનો ધુમાડો, મીણબત્તીનો ઝાંખો પ્રકાશ મળે ! તમે જે રકમ ચૂકવો તે આખી રકમ ધર્મના એજન્ટોનો નફો જ થઈ જાય ! એમાંથી પડતર બાદ જ નહિ કરવાની ! સ્વાભાવિક છે કે આથી ધર્મના એ અડ્ડા અને તેને ચલાવનારા અઢળક સંપત્તિના માલિક બની જાય. આથી જ તો આપણે આજુબાજુ જોઈએ છીએ કે એવા ધર્મસ્થાનોની માલિકી માટે 'સાધુ (?)' ઓ ઝઘડા કરે છે અને એકબીજાના લોહીના તરસ્યા બની જાય છે !

જુઓને, અમેરિકાનું કેથલિક ચર્ચ એપલ અને માઈક્રોસોફ્ટ કરતાં વધારે કમાણી કરે છે ! બધી જ કમાણી જોખમ વિનાની અને અવેજ વિનાની. એમની ઉપજ પર કોઈ કરવેરા નહીં, તેઓ કયાંથી સંપત્તિ લાવ્યા તેની કોઈપણ તપાસ કરવાની નહીં ! આવું દુનિયાના બધા જ ધર્મો માટે છે. જે દેશમાં બહુમતીનો જે ધર્મ હોય તે આ કેથલિક સંપ્રદાયની જેમ ભયંકર (!) કમાણી કરે છે. ભારતનાં કેટલાંક દેવસ્થાનો આવી ધીંગી કમાણી અને અમર્યાદિત સંપત્તિ માટે નામચીન છે જ. ધર્મોમાં પણ આપસઆપસમાં તીવ્ર હરીફાઈ ચાલે છે. પોતાના અનુયાયીઓને એક ગુરુતાગ્રંથિ તો બાંધી આપવામાં આવી જ હોય છે કે એમનો ધર્મ સર્વશ્રેષ્ઠ છે. આ બધા જ 'સર્વશ્રેષ્ઠ' (?) ધર્મો પરસ્પર ખૂંખાર યુદ્ધો કરે છે, અરે એમણે વિશ્વયુદ્ધ પણ કરાવ્યા છે ! જે ધર્મના અનુયાયીઓની સંખ્યા ઓછી હોય છે તે ધર્મને મોટા ધર્મો ઓહિયા કરી જાય છે. ધંધાદારીઓને તો 'ઈજારા કાયદા' લાગુ પડે છે. હમણાં જ ગુગલને આ બાબતે અબજો ડોલરનો દંડ થયો છે. ધંધાદારીઓ પર અંકુશ રાખવા અનેક કાયદા છે અને નાનામાં નાનો ગ્રાહક 'ગ્રાહક અદાલત'માં જઈ શકે છે. ધર્મને આવું કશું લાગુ પડતું નથી. આ બધું આપણે જોઈએ પછી કેવી રીતે કહી શકાય કે 'ધર્મ એ ધંધો છે, ?' ધાર્મિક આગેવાનો રાજકરણીઓને અંકુશમાં રાખે છે. વાસ્તવમાં શાસનની સત્તા ધાર્મિક આગેવાનો પાસે હોય છે, જવાબદારી

રાજકરણીઓની હોય છે ! જવાબદારી વગરની સત્તા ભોગવવા માટે ધાર્મિક આગેવાન જ બનવું પડે. એડમ સ્મિથ નામના અર્થશાસ્ત્રીએ એકવાર કહેલું કે વ્યાસ પીઠ પર બેસીને અપાતા ધાર્મિક ઉપદેશો તો સમાજવિરોધી પ્રવૃત્તિઓ કરવા માટેના પડદા છે. ધાર્મિક આગેવાનો અને રાજકરણીઓ ભેગા થઈને જે કરે છે તેની જ સમાજ પર ઘેરી અસર પડે છે. તેઓ જે કંઈ કરે છે તે મહદ્અંશે સમાજવિરોધી હોય છે. મોટા ભાગના ધર્મસ્થાનો સમાજવિરોધી પ્રવૃત્તિઓ ચલાવવાના અડ્ડા છે. ધાર્મિક આગેવાનો જે બોલે તેનાથી નહીં, પરંતુ તેઓ જે કંઈ કરી રહ્યા છે તેનું બારીકાઈથી નિરીક્ષણ કરો. આપોઆપ સમજાશે કે ધર્મને 'ધંધો' કહેવાથી ધંધાનું ભારે અપમાન થાય છે.

## માનવ–મગજ

ખૂબ ગુંચવાડાવાળી પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા માટે સૌથી વધારે કોઈ સક્રિય હોય તો તે આપણું મગજ ! એ એક યા બીજા વિચારનું સર્જન કરે છે. પરિસ્થિતિના ઉકેલવામાં કયો વિચાર અસરકારક રહેશે એનું ચિંતન કરે છે. એમાંથી એને સાચો યા ખોટો વિચાર અમલ કરવા યોગ્ય લાગે તે અમલમાં મૂકે છે. એના પરિણામથી જ નકકી થાય છે કે પસંદ કરેલો વિચાર સાચો હતો યા ખોટો. મુદ્દાની વાત એ છે કે ગુંચવાડાવાળી પરિસ્થિતિનો ઉકેલ અસ્વસ્થતા નથી, પરંતુ સ્વસ્થ રહીને ઉકેલ માટે એક યા બીજા વિચારનું સર્જન કરવાનો છે. વૈજ્ઞાનિકોએ આ જ પ્રમાણે વર્તીને ઘણી જટીલ પરિસ્થિતિઓના માનવ જગતને ઉકેલ આપ્યા છે. રેશનાલિસ્ટોએ પણ આ જ પ્રમાણે વર્તવું જોઈએ.

*  *  *

## વિજ્ઞાન અને ટેકનોલોજી

કોઈ એક સમસ્યાના ઉકેલ માટે વૈજ્ઞાનિકને ઉકેલ સૂઝયા બાદ જરૂર પડે છે ટેકનિકની. ટેકનિકમાં ઉકેલ માટેની જે પ્રવિધિ છે તે ક્રમાનુસાર ગોઠવીને તેનો પદ્ધતિસર અમલ કરવાનો આવે છે. આમ કરવાથી બીજો મોટો લાભ એ થાય છે કે એ જ સમસ્યા જો ફરી ઉદ્ભવે તો આ જ ટેકનિકનો ફરી ઉપયોગ કરી શકાય છે. ઉકેલ માટે ફરીવાર માથાકૂટ કરવી પડતી નથી. સત્ય એક જ અને એક માત્ર છે તેવું વિચારવાનું ભૂલી જાઓ. એવો કોઈ ઉકેલ, એવું કોઈ સૂત્ર, એવો કોઈ વિચાર આપણી પાસે છે જ નહીં કે જે

કહેવાતા એક માત્ર સત્યને શોધી શકે. એનું કારણ જ એ છે કે એક માત્ર સત્ય હોવાની વાત એક કલ્પના–એક ગપ્પુ છે.

* * *

## ઈ.સ. ૧૮૯૫માં એચ. જી. વેલ્સ

સત્યશોધક સભા અને કીમ એજ્યુકેશન સોસાયટીના ઉપક્રમે કીમમાં યોજાયેલ કાર્યશિબિરમાં 'વૈજ્ઞાનિક અભિગમ અને સાહિત્યના આંતરસંબંધો' પર ચર્ચા થઈ હતી. તેમાં એક મુદ્દો વૈજ્ઞાનિક પરીકથાનો હતો. તેમાં વેલ્સના સાહિત્યની ચર્ચા થયેલી. એને ટેકો આપતું એના 'ધ ટાઈમ મશીન' પુસ્તકનું એક અવતરણ. 'ગુરુત્વાકર્ષણથી વિરુદ્ધ માણસ બલુનમાં ઉપર જાય છે.' જો તે આ કરી શકતો હોય તો એણે એવી આશા કેમ નહીં રાખવી કે અંતે સમય–પરિબળની સાથે સાથે એ પણ હજી વધારે ઝડપથી હવામાં અને તેનાથી પણ ઉપર તરતો થઈ જશે ? હા..એવું પણ બને કે એ પરત આવી જાય અને બીજા જ રસ્તે મુસાફરી કરે. આપણે જાણીએ છીએ કે માણસ એનાથી ખૂબ આગળ અવકાશમાં ફરતો થઈ ગયો !

* * *

## વેલ્સ અને આઈનસ્ટાઈન

ઈ. સ. ૧૮૯૫માં એસ. જી. વેલ્સે એની નવલકથામાં સમય પણ એક માપ છે. એવી કલ્પના કરેલી. ૧૯૦૫માં આઈનસ્ટાઈને પોતાનાં સંશોધનોથી જાહેર કર્યું કે લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ ઉપરાંત સમય પણ એક માપ છે. સચરાચરને સમજવું હોય તો આ ચારે લંબાઈ, પહોળાઈ, ઉંડાઈ અને સમયના માપે જ સમજી શકાય, માપી શકાય આગળ વધીને આઈનસ્ટાઈને કહ્યું કે ગતિ અને સમય વચ્ચે પણ સંબંધ છે. જો પદાર્થ ગતિમાન હોય તો તેનો સમય ઓછી ગતિમાં જાય છે. જો પદાર્થ પ્રકાશની ગતિએ આગળ વધે તો એને માટે સમયનું માપ શૂન્ય થઈ જાય છે ! સામાન્ય જનભાષામાં કહી શકાય કે એને માટે સમય થંભી જાય છે. આથી જ તો કહી શકાય કે પૃથ્વી એની ધરી પર ધીમી ફરે તો દિવસ લાંબો થાય. ઝડપથી ફરે તો દિવસ ટૂંકો થાય !

---

**પ્રયત્ન કરશો તો એ પ્રયત્ન જ તમારી હિંમતનો અગત્યનો ભાગ બની જશે.**

# સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

## ચંપકલાલ પટેલનું જીવતું જગતિયું !





સત્યશોધક સભાના ચાર દાયકાના લાંબા ઈતિહાસમાં તા. ૩૦–૧૧–૨૪ના રોજ એક નવલો જ પ્રસંગ ઉજવાયો. રેશનાલિસ્ટ ચંપકલાલ પટેલ અવૈજ્ઞાનિક એવી શ્રાદ્ધ ઉજવણીના વિરોધી છે. આમ છતાં, તેઓ એવું માને છે કે એમની ૮૫ વર્ષની જૈફ વયે એમણે સગાં–વહાલાં મિત્રોને પ્રેમથી મળી લેવું જોઈએ. ચંપકલાલ આટલેથી અટકયા નહીં. એમનો એ મિલન સમારંભ રેશનાલિઝમના પ્રચાર–પ્રસારનો સમારંભ પણ બને તે તેઓ  જોવા માંગતા હતા. આથી એમણે સત્યશોધક સભાનો સંપર્ક કર્યો. પોતાની ઈચ્છા દર્શાવી. એમના પૌત્ર મેહુલ પટેલે એમના સમગ્ર કુટુંબની આવી જ ઈચ્છા હોવાનું પણ જણાવ્યું. એના પરિણામ સ્વરૂપ સુરતની લેઉઆ પાટીદાર વાડી, 'અવસર'માં તા. ૩૦–૧૧–૨૪ની રળિયામણી સાંજે આ કાર્યક્રમ થયો.

સત્યશોધક સભાના મંત્રી જાદવ વેકરિયાએ અગ્નિ પ્રાગટય કરી સમારંભની શરૂઆત કરી. મેહુલ પટેલે સૌનું સ્વાગત કરતા જણાવ્યું કે એમના દાદા ચંપકલાલ જીવતા જીવત સતત આનંદમાં રહે છે. અન્યોને રાખવા મથે છે. આથી જ એમણે આ સમારંભ યોજયો છે. એવા કાર્યક્રમમાં ચિક્કાર ભરાયેલા 'અવસર'માં મેહુલે સૌનું ભાવભીનુ સ્વાગત  કર્યું. ચંપકલાલે સૌને પુસ્તકો અર્પી સ્વાગતમાં ભાગીદારી નોંધાવી.

સત્યશોધક સભાના એક સહમંત્રી સુગીત પાઠકજીએ ચંપકલાલનો પરિચય આપ્યો. તેઓએ એન્જિનીયર તરીકે સરકારમાં સેવા આપી. એમનો સમગ્ર સેવાકાળ

નિષ્કલંક રહ્યો. તેઓએ સમગ્ર જીવન દરમિયાન નિષ્ઠા અને પ્રમાણિકતાનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડયું. નિવૃત્તિ પછી પણ પોતાના આરોગ્યને પોતે જ જાળવી રાખવા તેઓ સખત મહેનત કરે છે. ત્યારબાદ ચંપકલાલ પટેલે પોતાના પ્રવચનમાં જણાવ્યું કે એમના સાચા માર્ગદર્શક રમણભાઈ પાઠક હતા. એમની 'રમણ ભ્રમણ' કોલમ વાંચીને તેઓ રેશનાલિસ્ટ બન્યા. પૂર્વજન્મ–પુનર્જન્મ જેવું કશું નથી. આથી જે જીવન મળ્યું છે તે નિર્દોષ આનંદમય બનાવવાનો એમણે આગ્રહ કર્યો. સત્યશોધક સભાની પ્રવૃત્તિથી તેઓ પ્રભાવિત થયા છે. આથી એમના આ કાર્યક્રમમાં એમણે સત્યશોધક સભાને 'ચમત્કાર નિદર્શન' અને અન્ય પ્રવચનો કરવા આમંત્રણ આપ્યાનું જણાવ્યું. રેશનાલિઝમના પ્રચાર–પ્રસારને વધારવા માટે એમણે સત્યશોધક સભાને રૂા. ૧૧,૦૦૦ નું દાન આપવાની જાહેરાત કરી. જેને સમગ્ર સભાખંડે તાળીઓના ગડગડાટથી વધાવી લીધી.



## 'જીવતા જગતિયા'ની સાચી ફળશ્રુતિ : 'હસે તો જગ વસે' !

સત્યશોધક સભાનો પરિચય આપતા ડૉ. પ્રદીપ માર્ટિને આશરે દોઢસો વર્ષ પૂર્વે ક્રાંતિકારી રેશનાલિસ્ટ જ્યોતિબા ફૂલેને યાદ કરીને જણાવ્યું કે એમણે 'સત્યશોધક સમાજ'ની સ્થાપના કરેલી. એ જ પ્રમાણે આજથી આશરે ચાલીસથી પણ વધારે વર્ષે પૂર્વે અન્ન અને ઘીનો મોટા પાયા પર જેમાં બગાડ થવાનો હતો તેનો વિરોધ કરવા માટે ભેગા થયેલા. સમાજના અગ્રણીઓએ યજ્ઞ બંધ કરાવીને આવા અવૈજ્ઞાનિક કાર્યક્રમો વિરુદ્ધ લોકજાગૃતિ કેળવવા સત્યશોધક સભાની ઈ. સ. ૧૯૮૨માં સ્થાપના કરી. એની ટ્રસ્ટ તરીકે નોંધણી કરાવી. પહેલા પ્રમુખ ગોરધનદાસ ચોખાવાલા, ત્યારબાદ ડૉ. બી. એ. પરીખ, બાબુભાઈ

દેસાઈ, સિદ્ધાર્થ દેગામી અને હમણાં સૂર્યકાન્ત શાહના પ્રમુખપદે સંસ્થાએ અનેકવિધ કાર્યક્રમો કર્યા અને કરતી રહે છે. આજનો સમારંભ પણ એના કાર્યક્રમો પૈકીનો એક હોવાનું એમણે જણાવ્યું.

ત્યારબાદ સત્યશોધક સભાના પ્રમુખ સૂર્યકાન્ત શાહે ચાવીરૂપ વ્યાખ્યાન આપતા જણાવ્યું કે રેશનાલિઝમ'નું 'વિવેકબુદ્ધિવાદ' ગુજરાતી કરવામાં આવ્યું છે. વિવેક શબ્દની મીમાંસા કરતા એમણે જણાવ્યું કે સામાન્ય રીતે સારા–નરસાનો ભેદ પાડતો અભિગમ 'વિવેક'થી ઓળખાય છે. 'વિવેકબુદ્ધિવાદ'માં વિવેકને વધારે મૂર્ત અને ચોક્કસ સ્વરૂપ આપવામાં આવ્યું છે. બુદ્ધિ થકી જ અત્યારે યુક્રેન–રશિયા અને ઈઝરાયલ–મધ્યપૂર્વના દેશો વચ્ચે યુદ્ધ ચાલે છે. એમાં ડગલે ને પગલે બુદ્ધિનો એવો ઉપયોગ થાય છે કે જેથી દુશ્મનના જીવતાજીવત હજારો માણસો કમોતે મરે. ખર્વોમાં પણ આંકી નહી શકાય તેટલું નુકસાન થાય. આમ બુદ્ધિ અંક સાધન છે. એ સંહાર કરવામાં વાપરી શકાય છે અને વાપરવામાં આવે છે. આથી એના પર વિવેકની લગામની જરૂર છે. આ વિવેકના કેન્દ્રમાં માણસ હોય છે. કાર્યકારણના સાચા સંબંધો શોધવાની તાલાવેલી હોય છે. બધી જ અવૈજ્ઞાનિકતાનો વિરોધ હોય છે. ગોડ–ખુદા–ઈશ્વરની સમગ્ર સંકલ્પના અવાસ્તવિક અવૈજ્ઞાનિક અને મહદ્અંશે સમાજવિરોધી છે. આથી વિવેકબુદ્ધિવાદ એનો અસ્વીકાર કરે છે. યુએન તરફથી ઈ. સ. ૧૯૪૮ માં જે માનવાધિકારો જાહેર કરવામાં આવ્યા છે તેનું જતન કરવાનો વિવેકબુદ્ધિવાદનો આગ્રહ છે. આ વિવેકબુદ્ધિવાદને ચંપકલાલ સમજ્યા. પોતાના 'જીવતા જગતિયું' સમારંભમાં આથી એમણે સત્યશોધક સભાને સ્થાન આપ્યું. આવા જ વિચારો સમાવતું અને વિવિધ ચિંતકોના વિચારોને પ્રગટાવતું 'ઊંધી ખોપરી'ના નામે એમણે 'સાનંદ ચિંતન' પુસ્તકની રચના કરી. જેનું આજે લોકાર્પણ થવાનું છે. એમના પૌત્ર મેહુલે આ સમારંભ ભવ્ય રીતે ઉજવાય તે માટે પૂરા ખંતથી પ્રયત્નો કર્યા છે. ચંપકલાલનું કુટુંબ એમાં પૂરા ઉત્સાહથી જોડાયું છે. મોટી સંખ્યામાં આવેલા એમના ચાહકો ચંપકલાલના આ વિચારથી સંમત થયાનું જણાવે છે. ચંપકલાલે સત્યશોધક સભાને ૧૧,૦૦૦નું દાન આપીને અમને ઉપકૃત કર્યા છે. એમના પુસ્તકમાંના કેટલાંક અવતરણો પસંદ કરીને શાહે જણાવ્યું હતું કે પસંદ કરેલા અને અન્ય અવતરણો જોતા ખાતરીપૂર્વક કહી શકાય કે ચંપકલાલ રેશનાલિઝમને વરેલા છે.

ત્યારબાદ એમના પુસ્તક 'સાનંદચિંતન'નું લોકાર્પણ કરવામાં આવ્યું. ચંપકલાલે એ પુસ્તકની એક એક નકલ આવેલ સભાજનોના પ્રત્યેક કુટુંબ દીઠ એક નિઃશુલ્ક વહેંચી.

ત્યારબાદ જાદવ વેકરિયાએ પૂરી ૩૦ મિનિટ સુધી વિવિધ ચમત્કારોનું નિદર્શન કર્યું હતું. જાદવે આ નિદર્શન લોકભાગીદારી સાથે કર્યું હતું. નિદર્શનનો હેતુ એ હતો કે એવા ચમત્કારો બતાવીને લેભાગુઓ જે સામાન્ય જનને છેતરીને પૈસા ઉસેટે છે તેનાથી સમાજ જાગૃત થાય. કહેવાતા ચમત્કારની પાછળના વૈજ્ઞાનિક સિદ્ધાંતને સમજે.

ત્યારબાદ મેહુલે સૌનો આભાર માન્યો હતો. સૌ સભાજનો સમૂહભોજન લઈને અને ચંપકલાલને અભિનંદન આપીને છૂટા પડયા હતા.

## ૪૦૦ મો અંક !

*'સત્યાન્વેષણ'નો માર્ચ - ૨૦૨૫ નો અંક ૪૦૦ મો અંક થશે. વાચક મિત્રો, તમે એમાં જાહેરખબર આપી / અપાવીને સત્યશોધક સભા અને રેશનાલિઝમને વધારતી પ્રવૃત્તિઓને ટેકો આપશો. આ અંગેની વિગતો 'સત્યાન્વેષણ'ના નવેમ્બરના અંકમાં પ્રસિદ્ધ થઈ છે. તમે વધારેમાં વધારે ત્રણ લીટીની શુભેચ્છા પાઠવી ને રૂા. ૧૦૦૦નું યોગદાન આપી શકો છો.*

*એ અંક માટે તમને સૌને દોઢ ફૂલસ્કેપની મર્યાદામાં લેખ મોકલવાનું પણ આમંત્રણ છે.*

*તમારા સાથ-સહકારની અપેક્ષા.*

**૫-૧૨-૨૪**

**સૂર્યકાંત શાહ**
**પ્રમુખ**

# પરિવર્તનનું રહસ્ય

પરિવર્તન સ્વયંભૂ આવતાં નથી. જે વ્યવસ્થા છે તેની અંદર નાનાં તત્ત્વો બદલાયા કરે છે. તેમાં જો એ તત્ત્વો ખૂબ નાના જથ્થામાં બદલાય, તો વ્યવસ્થામાં થોડા ભવિષ્ય માટે સ્થિર જ છે એમ કહી શકાય. કેટલીકવાર આ વ્યવસ્થા ગતિ કરતી હોય છે, છતાં એની અંદરની વ્યવસ્થા ખૂબ નાના જથ્થામાં બદલાય તો પણ એ વ્યવસ્થા સ્થિર હોવાનું જ કહી શકાય. બીજી બાજુ ખુબ નાનો ફેરફાર સ્થિર વ્યવસ્થામાં ચોક્કસ સમયમાં પરિવર્તન લાવે એવું જો બને તો વ્યવસ્થા અસ્થિર ગણાય.

## સંભાવના

મોટા ભાગની આપણી સમજ અંદાજે હોય છે. 'આમ પણ બને, અને તેમ પણ બને.' આપણી સમજ સૂર્યોદય ક્યારે થશે અને ક્યાં થશે તેમાં પાકી છે. એવી બીજી અનેક ઘટનાઓ છે તેમાં આપણે પાકા છીએ. બીજી બાજુ, એવી અનેક ઘટના છે કે જે અંગે આપણે ખાતરીપૂર્વક કહી શકતા નથી. ધરતીકંપ ક્યારે થશે અને ક્યાં થશે તેની આપણે ચોકસાઈપૂર્વક આગાહી કરી શકતા નથી.

હા...એવું કહી શકાય કે જાપાનની ધરતીને ધરતીકંપના આંચકા વધારે લાગવાની સંભાવના છે. મોટા ભાગની બાબતોમાં આપણે અંદાજ લગાવીએ છીએ, કે સંભાવના વિચારીએ છીએ. એનું કારણ એ છે કે જે કોઈ પણ પરિસ્થિતિ છે તેમાં અનિશ્ચિત રીતે વર્તતા કેટલાંક પરિબળો છે. આ તત્ત્વોના વર્તનને જ્યાં સુધી આપણે પૂરેપૂરા સમજી નહીં લઈએ ત્યાં સુધી ભાવિ માટે આપણે ચોક્કસ કહી શકતા નથી. અલબત્ત, આપણે એ દિશામાં રોજેરોજ પ્રગતિ કરીએ છીએ. ધર્મોવાળા કહે છે કે, જ્યાં વિજ્ઞાન અટકે ત્યાં ધર્મ શરૂ થાય. હકીકત ઊલટી છે. ધર્મ જ્યાં પૂર્વભવનાં પાપ, ભગવાનની કૃપા અવકૃપા નસીબના નામે અટકી ગયો છે ત્યાંથી વિજ્ઞાન શરૂ થાય છે. જુઓને, આજથી વીસ વર્ષ પૂર્વે આપણે વરસાદ આવવા નહીં આવવા અંગે આપણા દેશમાં અંદાજે વાત કરતા હતા. હવે આપણે એમાં સમાવિષ્ટ અનિશ્ચિત તત્ત્વોના વર્તાવને સમજવા માંડયા છીએ એટલે વધુ ને વધુ ચોકસાઈથી આગાહી કરવા માંડી છે. આથી રેશનાલિસ્ટોએ એ જોવાનું છે કે અનિશ્ચિતતાને નામે ધર્મવાળા માનવમનમાં ઘુસી ન જાય. આપણે સૌએ સમજવાનું છે કે જે આજે સમજાતું નથી તે કાલે સમજાશે જ – જો વિજ્ઞાનને સમજવા દેવામાં આવે તો !

## ક્લાર્ક મેક્સવેલ

કેમ્બ્રીજ કોલેજનો એ એક વિદ્યાર્થી. કોલેજમાં યોજાયેલ 'મુક્ત ઈચ્છા'માં એને ભાગ લેવા જણાવવામાં આવ્યું. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં એણે વિદ્યાર્થી તરીકે આપેલા વ્યાખ્યાનથી વિજ્ઞાન જગતમાં પાયાના ફેરફારો આવવાનું શરૂ થયું. એણે કહેલું અત્યારે જે કોઈપણ પરિસ્થિતિ હોય તેમાં સમાયેલી નાની શી અનિશ્ચિતતા અને તેમાં વળી આપણે એને પારખી નહીં શકીએ ત્યારે ભવિષ્ય વિશે આપણે પુરી ખાતરીથી કશું કહી શકતા નથી. આથી બધુ કુદરતના એકદમ ચોક્કસ અને ક્ષતિરહિત નિયમોથી સચરાચર ચાલે છે એવું કહી શકાય નહીં. જેમાં નિશ્ચિતતા હોય અને જેને આપણે પારખી શકતા હોઈએ તેટલા પુરતી જ વિશ્વસનીય આગાહી થઈ શકે છે. આથી કઈ કઈ અનિશ્ચિતતા છે તે જાણવા માટે બીગ બેન્ગ વખતે જે પરિસ્થિતિ હતી એનો સંપૂર્ણ તાગ મેળવવો જોઈએ. આ તાગ મેળવી શકાય એટલી ક્ષમતા હજી માનવજાતે કેળવી નથી. આથી નહીં પરખાતી અનિશ્ચિતતાઓ આપણી આજુબાજુ 'ગોટાળા' કરશે જ. વૈજ્ઞાનિકોએ અને એનાથી આગળ વધીને રેશનાલિસ્ટોએ બધું કુદરતના ચોક્કસ નિયમ પ્રમાણે જ ચાલે છે એ સ્વીકારવાનું અને પ્રચારવાનું બંધ કરવું જોઈએ. કહેવાનું હોય તો એમ કહેવું પડે એમ છે કે નિશ્ચિતતાની જે ધારણા કરી છે તે જો સાચી પડે તો ચોક્કસ પરિણામ આવશે. વળી, આ અનિશ્ચિતતાઓ અસંખ્ય છે. આથી સચરાચર અને આપણી આજુબાજુની કુદરત 'ગોટાળા' ઓથી ભરપુર છે.

## અભ્યાસ કરો

જો તમે એક નાની શી ચીજનો ઊંડો અને પૂરો અભ્યાસ કરશો તો ખાતરી રાખજો કે તમે સમગ્ર સચરાચરના અભ્યાસ માટે સશકત બનવા માંડયા છો. જુઓ સમજો. બધાં જ ઈલેકટ્રોન અને પ્રોટોન્સ આખા સચરાચરમાં સમાન છે. ખૂબી એ છે કે આ બન્નેને ડાર્વિનનો સિદ્ધાંત લાગુ પડતો નથી. એમાં કોઈ ફેરફાર થતા નથી અને એનો ઉત્ક્રાંતિના ઢબે વિકાસ થતો નથી. આથી જ તમે કોઈ એક નાની શી ચીજનો ઉંડો અને પૂરો અભ્યાસ કરશો તો સચરાચરના અભ્યાસ માટે તમે સશકત બનશો જ.

## બુગદો !

સૂર્ય તરફથી પૃથ્વીની  પાસેથી બહુ વિશાળ એવા અવકાશમાં જાણે એક બુગદો બનાવવામાં આવેલ છે ! ખૂબીની વાત એ છે કે એ બુગદાના અંદરના ભાગમાંથી પૃથ્વી સૂર્યની આજુબાજુ ગોળગોળ ફરે છે ! આ એના પ્રવાસના રસ્તાને 'ભ્રમણ કક્ષા' કહેવામાં આવે છે.

## ગુંચવાડાવાળી કુદરત

મોટા ભાગના વૈજ્ઞાનિકો કુદરત જે કામ કરે છે તેનાથી પેદા થતા પરિણામોને શોધે છે. સારુ છે. બહુ ઓછા વૈજ્ઞાનિકો તેનાથી આગળ વધે છે. તેઓ કુદરત પાસે શું છે, તેને સમજવાનો પ્રયત્ન કરે છે. તેઓ પરિણામના કારણ શોધવાની મથામણ કરે છે. આ વૈજ્ઞાનિકો આપણી સલામના હકદાર છે. આ પ્રમાણે શોધતા શોધતા હવે એવું સમજાવા માંડયું છે કે કુદરત પોતે ઘણી ગુંચવાડાવાળી અને ભેદ–ભરમવાળી છે. અત્યાર સુધી એવું મનાતું હતું, અને આપણે રેશનાલિસ્ટો પોકારી પોકારીને કહીએ છીએ કે કુદરત તો સાદી પદ્ધતિસરની અને નિયમાનુસાર ચાલે છે. કુદરતનો અભ્યાસ કરનાર વૈજ્ઞાનિકોને એવું દેખાય છે કે મોટા ભાગની ચીજો મૂળમાં વ્યવસ્થિત નથી. કણો અને કુદરતની શકિતઓનું સંચાલન થાય છે તેના મૂળમાં ઘણીવાર સમયનું તત્ત્વ જ નથી હોતું. સમયવિહોણા પરિણામોને આપણે જેને નિયમો, વ્યવસ્થા અને પદ્ધતિ કહીએ છીએ તે લાગુ પડતા જ નથી !

પૂરી સમતુલા જાળવીને એક થાંભલાને ઉભો રાખ્યો હોય તો પણ કોઈ એક બાજુ નમી જાય છે. પરિબળો એને ઉભો રહેવા દેતા નથી. એ જ પ્રમાણે સચરાચરમાં અનેક પદાર્થો અને તત્ત્વો સમતુલા જાળવતા નથી, એમના પર કોઈને કોઈ પરિબળ અસર કરી જાય છે. આથી કુદરતમાં બધુ પદ્ધતિસર ચાલે છે તેવો દાવો કરી શકાય નહીં.

* * *

## કહેવતોની કસોટી

કહેવતો અને રૂઢિપ્રયોગોના મૂળ વિશાળ સંખ્યાના લોકોના અનુભવનો નીચોડ હોય છે. વિજ્ઞાન એનો ઈન્કાર કરી શકે નહીં. વિજ્ઞાન એવી કહેવતોને વૈજ્ઞાનિક પદ્ધતિથી ચકાસે, કેટલીકવાર તો એને પૂર્વધારણા તરીકે પણ લઈ શકાય, અને ચકાસણીમાંથી પાર ઉતરે તો એ કહેવત કે રૂઢિપ્રયોગને વૈજ્ઞાનિકો પણ સ્વીકારે એક કહેવત છે. ‘બાર ગાઉએ બોલી બદલાય.’ ભાષાશાસ્ત્રીઓ ભાષાના વૈજ્ઞાનિકો છે. એમણે આ કહેવતની વૈજ્ઞાનિક પદ્ધતિએ ચકાસણી કરી. મોટા ભાગના કિસ્સામાં એ સાચી ઠરી. બીજી કહેવત છે : સાંઠે બુદ્ધિ નાઠી.’ વૈજ્ઞાનિક પદ્ધતિએ આ કહેવત તપાસતા માલુમ પડયું કે મોટા ભાગના કિસ્સામાં એ સાચી નથી. શરીરના નબળા પડવા માત્રથી બુદ્ધિ ભાગવા માંડે છે એવું મોટા ભાગના કિસ્સામાં દેખાયું નથી.

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)

# ગણિતનું અનંતવિશ્વ

ગોડેલ નામના વૈજ્ઞાનિકે પુરવાર કર્યું છે કે શુદ્ધ ગણિતશાસ્ત્રનું વિશ્વ અનંત છે. કહેવતોનું મર્યાદિત પ્રમાણ અને ધારણાઓના નિયમો કદી સંપૂર્ણ ગણિતશાસ્ત્રને પહોંચી વળી શકે એમ નથી. કોઈપણ કહેવત લો કે જેને ગણિતશાસ્ત્રી એવા સવાલ પૂછી શકે કે જેનો જવાબ એની પાસે હોતો જ નથી. કદાચ ભૌતિકશાસ્ત્રની કહેવાતી દુનિયા પણ આવી જ અનંત હશે. ભાવિ માટેનું મારુ દર્શન જો સાચું હોય તો ભૌતિકશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રનું ભાવિ અનંત છે. ભલેને આપણે ભાવિમાં ઘણે દૂર સુધી ચાલ્યા જઈએ, નવું ને નવું કંઈ બન્યા જ કરવાનું છે, નવી ને નવી માહિતી મળ્યા જ કરશે, નવા ને નવા વિશ્વ જાણવા મળશે અને જાણવાના રહેશે. જીવનનું કાર્યક્ષેત્ર વિસ્તરતું જ જશે અને યાદશકિત પણ નવા ને નવા સીમાડા સર કરશે !

* * *

એક બે ત્રણ ગણવાથી ગણિતની શરુઆત થાય છે. જો તમે ગણિતશાસ્ત્રના કોઈ સ્ટેશને થોભી નહી જાઓ તો જાણી લેજો કે તમે ગણિતના અનંત એવા માળખાથી ભરેલા દરિયાની સફરે ઉપડયા છો ! આમાંના બહુ થોડા માળખાં અને તરાહ ભૌતિક દુનિયામાં દેખાય છે, અને તેનો ઉપયોગ થાય છે. કુદરતના કાયદાઓનું વર્ણન કરવામાં તેના કેટલાક માળખાનો જ ઉપયોગ થાય છે.

# ધર્મ–વિજ્ઞાન તફાવત

ધર્મમાં ચોક્કસ સૂત્રો અને ઉપદેશો અવૈજ્ઞાનિક અને અવાસ્તવિક હોવા છતાં અનુયાયીઓ એના પાલન માટે જડ જેવા મક્કમ હોય છે. એ જ પ્રમાણે વિજ્ઞાનના વારંવાર પુરવાર થયેલા સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ, અલબત્ત જડ જેવા મક્કમ થઈને નહીં. ઉપરાંત ખુલ્લા મનના વૈજ્ઞાનિકો જો એમાં સુધારા સૂચવે અથવા ખોટો ઠેરવે ત્યારે એને છોડી પણ દેવા જોઈએ. ધર્મ અને વિજ્ઞાન વચ્ચે આ એક મોટો તફાવત છે.

**માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સૂર્યકાન્ત સોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસિદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સૂર્યકાન્ત શાહ**